ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૨૧ ટકા

# સે-૭માં રાત્રે ચાર્જીંગમાં મુકેલો મોબાઈલ ફાટયો

**સદભાગ્યે દુકાનના કાઉન્ટર પર મુકેલ ફોનની બેટરી ફાટવાથી આગ કે ઈજા થવા નથી પામી : શહેરમાં સ્માર્ટ ફોન વાપરનારાઓ માટે ચેતવણી રૂપ ઘટના...!!**

ગાંધીનગર, તા.૬

અત્યાર સુધી તમે વ્હોટસએપ પર મોબાઈલ બેટરી ફાટયાના ફોટો કે વિડીયો જોયા હશે જેમાં મોબાઈલ ધારકના હાથની આંગળીઓ બળી ગઈ હોય વગેરે... ગાંધીનગરમાં પણ આજે આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં રાત્રે ચાર્જીંગમાં મુકેલા એક સ્માર્ટ ફોનની બેટરી ફાટી છે. સદભાગ્યે આ બેટરી ફાટવાને કારણે કોઈને ઈજા કે આગનો બનાવ બન્યો નથી પરંતુ શહેરમાં સ્માર્ટ ફોન વાપરવામાં લાપરવાહી દાખવનારા મોબાઈલ ધારક માટે આ કિસ્સો ચેતવણીની ઘટંડી સમાન જરૂર છે.

ગાંધીનગરના સેકટર-૭માં શોપીંગ વિસ્તારમાં સિધ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ ખાતે બીજા માળે ગીફટ આર્ટિકલની દુકાન ચલાવતી યુવતિ ઉજાસે તેનો માઈક્રોમેકસ કંપનીનો સ્માર્ટ ફોન ચાર્જીંગ માટે મુકયો હતો. પોતાના દિવસભરનું કામકાજ પતાવી રાત્રે ઘરે જતા તેણીએ પોતાનો મોબાઈલ ફોન ગઈ કાલે દુકાનના કાચના કાઉન્ટર પર રાખીને ચાર્જીંગમાં મુકી દુકાન બંધ કરી ઘરે ગઈ હતી અને બીજા દિવસે એટલે કે આજે સવારે આવીને જોયું તો આ મોબાઈલની બેટરી ફાટી ગયેલી હતી અને જેના કારણે તેની દુકાનનું કાચનું કાઉન્ટર પણ તુટી ગયેલું હતું. બેટરી ફાટવાને કારણે આખો મોબાઈલ ફોન બળી જવા પામ્યો હતો. જો કે સદભાગ્યે આ બેટરી ફાટવાને કારણે દુકાનમાં આગ લાગી નહોતી. નહિતર તેને વધુ નુકસાન વેઠવાનો વારો આવત વળી સદભાગ્યે રાત્રે ફોન ચાર્જીંગમાં મુકયો હતો તેથી તેની કે અન્ય કોઈની હાજરી નહોતી જેના કારણે કોઈને ઈજા પહોંચી નથી. જો આ મોબાઈલ દિવસે ચાલુ



વ્યવસાયના સમયે ફાટયો હોત તો સો ટકા તેને અથવા તેના ગ્રાહકને ઈજા પહોંચી હોત. આમ મોબાઈલ તો તેનો બળી ગયો પરંતુ તેની દુકાન અને તેનો આબાદ બચાવ થયો છે. અને માત્ર કાઉન્ટરનો કાચ તુટયાનું મોબાઈલ ઉપરાંતનું નુકશાન થયું છે.

જો કે આ ઘટના શહેરમાં સ્માર્ટફોન વાપરનારાઓ માટે ચેતવણીરૂપ છે કારણ કે અત્યારે સ્માર્ટ ફોન લગભગ દરેકના હાથમાં જોવા મળે છે અને તેમાં અનેક કંપની તથા બ્રાન્ડના ફોન મળે છે તથા ડુપ્લિકેટ કે ચાઈનીઝ ફોન પણ જેની ગુણવત્તા ઉતરતી કક્ષાની હોય તેનો સમાવેશ થાય છે. જો માઈક્રોમેકસ જેવી બ્રાન્ડેડ કંપનીના ફોનની બેટરી પણ આ રીતે ઓવર ચાર્જીંગથી ફાટી શકતી હોય તો અન્ય કંપનીના પણ ઉતરતી ગુણવત્તાવાળા સ્માર્ટ ફોન એક જીવતા જાગતા બોમ્બ સમાન કહી શકાય, વળી, મોબાઈલ ધારકે પણ મોબાઈલ ફોનનું ચાર્જીંગ કરતી વખતે કે વાપરતી વખતે શું સાવધાનીઓ રાખવી જોઈએ એ જાણવું આ તબક્કે અત્યંત જરુરી જણાય છે.



વાંસની ચટ્ટાઈનો ગૃહ ઉદ્યોગ હજુ જીવંત છે. કારીગરો પોતાના હુન્નરથી સારી આજીવિકા પણ મેળવી રહ્યા છે. અદ્યતન પડદા વચ્ચે પણ કયાંક બારી -બારણા માટે ગરમીથી બચવા આ ચટ્ટાઈ ઘણી રાહત આપતી પુરવાર થાય છે. પરંતુ બદલાતા સમયનાં વહેણમાં હવે આવી કલાઓ ધીરે ધીરે લુપ્ત થઈ રહી છે.

## ગાંધીનગર-થરાદ બસ બંધ કરાતાં મુસાફરો હેરાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના એસટી ડેપોથી રોજ સવારે ૧૦ કલાકે ઉપડતી ગાંધીનગર-થરાદ બસ બંધ કરવામાં આવતા મુસાફરોને હેરાની વેઠવાનો વારો આવ્યો છે. અચાનક એસટી ડેપો દ્વારા આ બસ બંધ કરવામાં આવતા બનાસકાંઠા તરફ જતા મુસાફરોને બીજી બસ માટે લાંબી રાહ જોવી પડે છે. ત્યારે બનાસકાંઠા ને જોડતી આ બસ સેવા તંત્ર દ્વારા ઝડપી શરુ કરવામાં આવે તેવી માંગ મુસાફરો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરનું એસટી ડેપો મોડલરૂપ છે. ગાંધીનગર ડેપોથી રોજના દસ હજારથી વધુ મુસાફરો વિવિધ સ્થળોએ મુસાફરી કરે છે. ગાંધીનગર અમદાવાદ રૂટની બસ સેવા અવિરત ચાલુ રહે છે. ત્યારે ગાંધીનગરથી સમગ્ર ગુજરાતના શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જવા માટે મુસાફરો માટે બસ સેવા ઉપલબ્ધ છે. તાજેતરમાં ગાંધીનગર એસટી તંત્ર દ્વારા વેકેશનના માહોલને પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મુસાફરોનો ધસારો વધુ રહેવાથી સ્લીપીંગ બસો શરુ કરાઈ છે.ત્યારે ગાંધીનગર શહેરમાંથી બનાસકાંઠા તરફ જતા મુસાફરોનો પણ ભારે ધસારો જોવા મળે છે. જેને પગલે ગાંધીનગરથી સવારે ૧૦ કલાકે થરાદની બસ જતી હતી. પરંતુ અગમ્ય કારણોસર આ બસ તંત્ર દ્વારા બંધ કરવામાં આવી છે. જેથી બનાસકાંઠાના શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને ગાંધીનગરથી જવા માટે કલાકો સુધી અન્ય બસની રાહ જોવી પડે છે. એક તરફ વેકેશનનો માહોલ ચાલી રહ્યો છે, ગાંધીનગરમાં પણ બનાસકાંઠા તરફના રહીશો વસવાટ કરે છે ત્યારે તેમના માટે આ બસ સાનુકુળ હતી ત્યારે અચાનક બસ બંધ કરાતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે એસટી તંત્ર દ્વારા બંધ કરવામાં આવેલ આ બસ સેવા ઝડપથી શરુ કરવામાં આવે તેમ મુસાફરો ઈચ્છી રહ્યા છે.

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૯મીએ સંધ્યા ભકિતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

મહાવીર જન્મ કલ્યાણની ઉજવણી પેટે જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા સે-૨૨ જૈન દેરાસર ખાતે તા. ૯મી એપ્રિલના રાત્રે આઠ વાગે સંધ્યા ભકિતના કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં કચ્છના પ્રખ્યાત ભાવનાકારશ્રી રફીકભાઈ ભકિત સંગીતના ગીતો સંભળાવશે. જૈન પરિવારોએ ખાસ લાભ લેવા જૈન સોશ્યલ ગૃપ તરફથી જણાવવામાં આવેલ છે.

## સચિવાલય જીમખાના દ્વારા સમર કોચીંગ કેમ્પ

સચિવાલય જીમખાના સેકટર-૨૧ ગાંધીનગર ખાતે તા. ૧૮મી એપ્રિલથી તા. ૮મી મે સુધી સમર કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ક્રિકેટ, ટેનીસ, સ્કેટીંગ, સ્વીમીંગ, કરાટે, બેડમિન્ટનનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

## વડોદરા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ૪૯મું જીવનસાથી પસંદગી સંમેલન

ચાણકય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૧૪મી મે ના રોજ ૪૯મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાનાર છે. ગાંધીનગર માટે શ્રી કે.બી. વ્યાસ સેકટર-૧-૨સી પ્લોટ નં. ૩૫૨/એ/૨નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## ડેમુ ટ્રેનના જનરલ કોચમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો : અજાણ્યા ભિક્ષુકનો મૃતદેહ હોવાની આશંકા

ગાંધીનગર, તા.૬

દાહોદ-ગાંધીનગર ડેમુ ટ્રેન ગઈ કાલે રાત્રે કેપીટલ રેલવે સ્ટેશન આવી અને સફાઈ કર્મી જનરલ કોચમાં સાફ સફાઈ કરી રહ્યા હતા ત્યારે અચાનક જનરલ કોચના ખુણામાંથી ડેડ બોડી મળી આવતા કર્મચારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. રેલવે પોલીસને ઘટનાની જાણ કરતાં મૃતદેહ કોચમાંથી કાઢીને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયો હતો. આશરે ૫૫ વર્ષીય આધેડની ઓળખ થઈ શકી નથી. ભિક્ષુકનો મૃતદેહ હોવાની આશંકાએ રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તે દિશામાં તપાસ શરુ કરી છે. ભુખ-તરસથી તેનું મૃત્યુ થયું હોવાની શકયતા પ્રબળ હોવાનું જાણવા મળ્યું છે.



દાહોદ-ગાંધીનગર ડેમુ ટ્રેન ગઈ રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં કેપીટલ રેલવે સ્ટેશન આવી પહોંચી હતી અને ટ્રેનના કોચની સાફ સફાઈ થઈ રહી હતી તે દરમિયાન અચાનક સફાઈ કર્મીનું ધ્યાન જનરલ કોચના ખુણામાં પડેલા આધેડના મૃતદેહ પર પડયું હતું. રેલવે પોલીસને મૃતદેહ અંગે જાણ કરવામાં આવતા જમાદાર નારણભાઈ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. મૃતકના શરીરે માત્ર સફેદ લાઈનીંગ વાળી ટીશર્ટ પહેરેલી છે. દેખાવે ભિક્ષુક જેવો દેખાતો આશરે ૫૫ વર્ષનો આધેડ કોણ છે અને કયાંથી ટ્રેનમાં બેઠો તે અંગે ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. ભૂખ્યા તરસ્યા મૃત્યુ થયું હોવાની શંકા પ્રબળ છે. મૃતદેહ પી.એમ. કરાવી મૃત્યુ થવાનું કારણ બહાર લાવવા રેલવે પોલીસે તપાસ શરુ કરી છે.

## ભાટ નદીમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર આવેલા ભાટ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી આજે બપોરના અરસામાં આશરે ૪૦ વર્ષીય અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો નોંધી મૃત્યુનું કારણ જાણવા તથા મૃતકની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ આજે બપોરે એક વાગ્યાના અરસામાં ભાટ સાબરમતી નદીમાં તણાઈ રહેલા મૃતદેહ પર રાહદારીનું ધ્યાન જતા ઈન્ફોસીટી પોલીસને જાણ કરવામાં આવી હતી. ઈન્ફોસીટી પોલીસ મથકના પીએસઆઈ એમ.આર. પટેલ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા આશરે ૪૦ વર્ષના આ મૃતક યુવાનની ઓળખ થાય તેવા કોઈ આધાર-પુરાવા મળી આવ્યા નહતા. મૃતકના માથે ડાઈ કરેલી હતી. ન્હાવા પડયો હોય અને પગ લપસી જવાથી નદીમાં ગરકાવ થઈ ગયો હોય તેવી શકયતા પ્રબળ છે. પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખવિધી માટે તથા મૃત્યુ થવા પાછળનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

### આઈ લવ માય ગાંધીનગર



**એકતા એ પટેલ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી જન્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

મારે શું અને મારું શું એવી વિચારધારા ધરાવતી સરકારી વસાહતથી ભરેલી આ નગરી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કડી સર્વ વિદ્યાલય અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે.

**નગરને બહેતર બનાવવા**

ગાંધીનગરની દરેક દીકરીને રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા, પ્રયાસો થાય એવું જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

મહિલાઓને રોજગારી, મહિલાઓના વિકાસ માટેની પ્રવૃત્તિઓ માટે મારું સંપૂર્ણ યોગદાન આપવા હું તત્પર છું.

## વિનયન કોલેજમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૬

આજે ગાંધીનગરના સે-૧૫માં સરકારી વિનયન કોલેજ ખાતે વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં કોલેજમાં વર્ષ દરમિયાન યોજાયેલ પ્રવૃત્તિઓ જેવી કે રમતગમત, સાંસ્કૃતિક, યુથ ફેસ્ટિવલ, સ્વયં શિક્ષણ દિવસ, એનસીસી, એનએસએસ, સીડબલ્યુડીસી તથા રાજયકક્ષાની નિબંધ સ્પર્ધા વગેરેમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા. ઈનામો સાથે આ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પણ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. કે.કે. વૈષ્ણવે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ મદદરૂપ બનતી હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



આજ કાલ ગૃહિણીઓ માટે વર્ષભર માટે ઘઉં-ચોખા, મસાલા ભરવાની સિઝન ચાલી રહી છે. બજારમાં તૈયાર 'આટા' પ્રાપ્ત હોવા છતાં હજી પણ ઘઉંની પસંદગી કરવી સાફ કરી દિવેલથી મોઈને વર્ષભર સાચવી વપરાશમાં લેવાની પરંપરા જળવાઈ છે. જો કે હવે તો સાફ કરી દિવેલથી મોએલા ઘઉં તૈયાર મળે છે. જે નોકરી કરતી મહિલાઓ માટે આશીર્વાદરૂપ છે.

## ચિલોડા ખાતે ઓમ લેન્ડમાર્ક સ્કૂલનો ઉડાન-૨૦૧૭ વાર્ષિકોત્સવ યોજાયો







ચિલોડા, તા.૬

ઓમ એજયુકેશન ટ્રસ્ટ-અમદાવાદ સંચાલિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ગુજરાતી માધ્યમનો ઉડાન-૨૦૧૭ વાર્ષિકોત્સવ-ઓમ એજયુકેશન કેમ્પસ, મોટા ચિલોડા ખાતે શહેરી વિકાસ મંડળ-ગાંધીનગરના ચેરમેન આશિષભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં તેજસ્વી તારલાઓનું સન્માન, ઈનામ વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

'ઉડાન' કાર્યક્રમ અંતર્ગત સૌ પ્રથમ મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય દ્વારા શુભારંભ કરાયો હતો. સમારોહમાં સંસ્થાના ટ્રસ્ટી અને જિલ્લા રમતગમત અધિકારી અશોકભાઈ રાવલે આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઓમ એજયુકેશન કેમ્પસના મે. ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલે વકતવ્યમાં જણાવ્યું હતું કે સુશિક્ષિત માતા એ શિક્ષકની ગરજ સારે છે. જ્ઞાન, કૌશલ્ય, વિચાર અને સંસ્કાર થકી બાળકોનો વિકાસ થાય તેવી તેમણે શુભેચ્છા પાઠવી હતી. અધ્યક્ષસ્થાનેથી આશિષભાઈ દવેએ સંસ્થાના વિવિધ ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. આ ઉડાન કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૬૫૬ વિદ્યાર્થીઓએ ૨૦થી વધુ કૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં સૌ પ્રથમ સ્વાગતગીતમાં ભકિતનૃત્ય, બાલનૃત્ય, અભિનય નૃત્ય, પોપડાન્સ, પ્રાદેશિક ડાન્સ, ફોક ડાન્સ, ફયુઝન ડાન્સ, પાર્ટી ડાન્સ, મહીષાસુર વધ, નૃત્ય નાટીકા, બોલીવુડ ડાન્સ, દેશી ધમાલ, સ્વીફટ ગાડી ચાર બંગડી, થીમ ડાન્સ, યોગા, પીરામીડ, સ્કેટીંગ, ધમાલ ડાન્સ, સ્કુલ ગરબો, એકલવ્ય નાટક, વેસ્ટર્ન ડાન્સ, ટીમલી, હેપ્પી એન્ડીંગ વગેરે ૨૦થી વધુ કૃતિઓ રજુ કરી વાલીઓ તેમજ પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

આ પ્રસંગે કેમ્પસના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલ, ટ્રસ્ટી અશોકભાઈ રાવલ, નાયબ સચિવશ્રી પી.એચ. પટેલ, પી.આઈ. એલ.ડી. વાઘેલા, ઈન્દુબેન રાવલ, ચેરમેન આશિષભાઈ દવે વગેરે મહાનુભાવોના હસ્તે ધોરણ-૧૦, ૧૧ અને ૧૨ની પરીક્ષામાં ઉત્તમ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં આભારવિધિ પરેશ સરે કરી સર્વેનો આભાર માન્યો હતો.

### @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો નિર્મળાબેન માંડવી પ્લોટ નં. ૨૮૩/૨, સે-૩ ન્યુ ખાતે બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે.

● ગુજરાત સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ.૮૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર મકાનોના ખાતમુહુર્ત સમારોહ નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલના હસ્તે સવારે ૧૦ કલાકે સે-૩૦ ગાંધીનગર ખાતે યોજાશે.

● વિશ્વ આરોગ્ય દિવસ અંતર્ગત સે-૧૨ હોસ્પિટલ સંકુલ ખાતે સ્થિત મેડીકલ કોલેજના ઓડીટોરીયમ ખાતે સવારે ૧૦ કલાકે 'આરોગ્ય સેતુ' કાર્યક્રમ યોજાશે.

### વાતવાતમાં

● એરપોર્ટ માટે કર્મચારીઓની જરુરિયાત જણાવી નોકરીની ઓફર કરતી જાહેરાત અખબારમાં છપાવી કલોલના એક નોકરીવાંચ્છુ પાસેથી ફાઈલ તૈયાર કરવાના બહાને તબક્કાવાર કુલ રૂ. ૮૨૩૫૦ની ઓનલાઈન બેંકિંગથી નાણા ટ્રાન્સફર કરીને છેતરપીંડી આચરવામાં આવી છે. જે અન્યો માટે પણ ચેતવણીરૂપ ઘટના છે.

## પોસ્ટ ઓફિસે સ્ટેમ્પ પેપર્સ માટે કાઉન્ટર વધારવા માંગ

ગાંધીનગરમાં સ્ટેમ્પ પેપર ખરીદવા મટે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેમ્પ પેપર માટે શહેરની મુખ્ય પોસ્ટ ઓફિસે એક કાઉન્ટર હોવાથી લાંબી લચક લાઈનો લાગે છે જેના કારણે નાગરિકોના સમયનો વેડફાટ થાય છે અને તેમના અગત્યના કામો ખોરંભે ચઢવા પામે છે.

સ્ટેમ્પ પેપર્સની શહેરમાં વેન્ડર્સ પાસે અછત સર્જાઈ હોય અથવા અન્ય કોઈ કારણ હોય નાગરિકો પાસે મુખ્ય પોસ્ટ ઓફિસમાંથી સ્ટેમ્પ પેપર ખરીદવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. વળી, મુખ્ય પોસ્ટ ઓફિસમાં સ્ટેમ્પ પેપર માટે એક જ કાઉન્ટર હોવાથી અહીં ખૂબ લાંબી લાઈન લાગે છે. જેમાં બે થી અઢી કલાકે નંબર લાગે છે. આટલો લાંબો સમય લાઈનમાં ઉભા રહેવું કષ્ટદાયક બની જાય છે. એમાં પણ સિનિયર સિટીઝન કે મહિલાઓની સ્થિતિ વધુ કફોડી બને છે. મુખ્ય પોસ્ટ ઓફિસમાં સ્ટેમ્પ પેપર વેન્ડીંગ માટે હજુ વધુ કાઉન્ટરની વ્યવસ્થા કરાય તો નાગરિકોની હાલાકીમાં ઘટાડો થઈ શકે તેથી તે અંગે નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

## શહેરમાં વસવાટ કરતા નાયક સમાજ જોગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસવાટ કરતા તમામ નાયક-ભોજક-વ્યાસ જ્ઞાતિજન માટે મહેસાણા ખાતે સ્થિત નાયક ભોજક કેળવણી મંડળ કે જેમાં આજીવન સભાસદ રૂ.૨૫૧માં બનાવવા માટે નિર્ણય થયેલ છે. તો ગાંધીનગર શહેરના સે-૧૭, બ્લોક નં. ૨૩૦/૨, ડી-ટાઈપ, મો. ૯૯૨૪૧ ૪૭૫૪૭ પર સંપર્ક કરી ફોર્મ વિના મુલ્યે મેળવી લેવા અસાઈત સેવા સંસ્થાના કન્વીનર આર.કે. નાયકે જણાવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. રાજેશભાઈ ઘનશ્યામભાઈ પંચાલ, ઉ.વ. ૩૨
- સ્વ. ઠાકોર શકરાજી કાળાજી, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ ઈશાબેન પ્રભુદાસ, ઉ.વ. ૭૫